ॐ

શ્રી સીતારામજી મહારાજનો

દેહોત્સર્ગ.

—•—

તે છપાવી પ્રસિદ્ધ કરનાર.

"મહાસુખલાલ ગુલાબચંદ પારેખ."

દેવગઢબારીઆ.

—•—

આવૃતિ ૧ લી — પ્રત ૧૦૦૦

સંવત. ૧૯૭૦ — સને ૧૯૧૪

અમદાવાદ.

ખાડીયામા, ૮૮૬ કવીશ્વરની પોળમાં ધી, જ્ઞાનવર્ધક પ્રીન્ટીંગ પ્રેસમાં આદીતલાલ ન્યાલચંદ દોસીએ છાપી.

કીંમત. રૂ. ૦-૧-૩

ૐ

શ્રી સીતારામજી મહારાજનો

દેહોત્સર્ગ.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

માહાસુખલાલ ગુલાબચંદ પારેખ.

દેવગઢબારીઆ.

આવૃત્તી ૧ લી — પ્રત. ૧૦૦૦

સંવત ૧૯૭૦ — સને ૧૯૧૪

કીંમત રૂ. ૦-૧-૩

પ્રસ્તાવના.

પ્રીય વાંચક વર્ગો! આ એક " શ્રી સીતારામજી મહારાજનો દેહોત્સર્ગ " નામનું પુસ્તક ભજનરૂપમા બનાવ્યુ છે તેમાં ફક્ત કૈલાસવાસ થયાની વાત લખી છે. તેમા કોઇ સ્થળે ભુલ હશે તે હું કબુલ કરૂ છુ પણ માણસ માત્રની કોઇ સ્થળે ભુલ થાય. ભુલ પોતાના હાથે ન કળી શકે, તો બીજા માણસે પણ તે ભુલ બતાવી અગર સ્વહસ્તે સુધારી ભુલની માફી બક્ષી કૃતાર્થ કરવા જોઇએ. મર્મજ્ઞ વાચકો અને વીવેચકોની કસોટી ઉપર આ અનુવાદને મુકતાં જણાવી દેવુ જોઇએ કે આ પુસ્તક પુર્ણાંશે બની શકયુ છે એમ મારાથી કહી શકાશેજ નહિં. આ તો ફક્ત તે વાતનો કંઇક અંશ લખાયેલો છે. વળી આ પુસ્તકને વાંચતા કોઇ વાચકને એ શંકા પ્રાપ્ત થશે કે માંહે કેટલીક સંસારી વાતો લખી છે તો તે મહાત્મા પુરૂષને માટે યોગ્ય નથી. એમ કહે તો તેના ઉત્તરમા મારે એટલુજ કહેવું બસ થશે કે, તે દયાળુ પ્રભુ પોતે બ્રહ્મચારી હતા અને વધારામા તેઓ જો સન્યાસી હોત તો તેમને માટે મારે સદર વીવેચન કરવુ ઉચીત નહોતુ પણ તેમાંનુ કંઇજ નથી, અને તે કરતા કદાચ શાસ્ત્રકારો ભેદ કહાડતા હોય તો તેના ઉત્તરમા ફકત એટલુજ બસ છે કે શીષ્યભાવે ગમે તે પ્રકારે લખવાનો કોઇ પણ જાતનો દોષ નથી.

લી. સુજ્ઞ અને સુપાત્ર મંડળનો

" ચરણોદક "

ૐ

શ્રી સીતારામજી મહારાજનો દેહોત્સર્ગ.

———o———

ભજન ૧ લું.

જબસે કલધર બનબન ફીર કર—એ રાહ.

૧ ષડરિપુ વિજય શ્રી જ્ઞાનીપુરા, દેવપુરીમા કીધો વાસ, (બે વખત)
જ્ઞાની ગુણવંતા પોતે શ્રી, પરીત્યાગ કીધુ સ્થુળ અભ્યાસ,
સંવત ઓગણીસે સીતેર સાલ શુભ, ચૈત્ર વદી ત્રીજનો આભાસ,
તારીખ તેરમી એપ્રીલ માસમા, સોમવારે કીધો સ્વર્ગવાસ.
૨ પોતે વસતા હતા દેવગઢ શહેર જુના મહેલ્લા સ્થાન
ત્રીસ વર્ષથી કૈલાસનાથજીનુ ધર્યું હતુ ધ્યાન,
પોતે પધાર્યા તે વખતે હતુ અરણ્ય તે ઠામ,
આપશ્રીની કૃપાથી ધરાવ્યુ રમ્ય સ્થળ નામ ષડરિપુ૦
૩ પોતે પધાર્યાથી નગરનુ સરીયું સરવે કામ,
સર્વે શીષ્યો ચઢ્યા સારે રસ્તે ધરી સારી હામ,
માણસ રીતીમા આવ્યા જે દીનથી લીધી તી શીખ,
સીતારામજીના પ્રતાપે પ્રભુની કીધી પીખ ષડરિપુ૦
૪ પોતે સર્વે ઇન્દ્રો જીતી લેઇ થયા'તા સાક્ષાત,
તપસ્યાઓ કરી જીવનમુક્ત થયા'તા પ્રખ્યાત,
સર્વે વિધવિધ કાજ સાધી થયા'તા અખંડ,
બ્રહ્મજ્ઞાન પોતે જાણી લીધું પ્રભુનુ પ્રચંડ. ષડરિપુ૦

૫ હવ ભાતીક દહત્યાગ કીધો તેની કહુ બીનાય,
સિદ્ધાસને પધરાવ્યા શુભ સિંહાસન માય
સર્વે વસ્ત્રો ધ.ા કંઠમા રૂદ્રાક્ષની છે માળ,
કોઇ અન્ય જન ધારી લે કે દેવના ભુપાળ ષડરિપુ૦

૬ હવે તેઓશ્રીના અગ્નિદાહની કીધી શરૂઆત,
તેના પહેલા શીષ્યે કીધી ખોદાણની શરૂઆત;
પાચ ફીટ કુંડ સમચોરસ બનાવ્યો ત્યા નિરધાર,
તેમા સિંહાસન પધરાવ્યુ ઉપર પુષ્પો તણા હાર ષડરિપુ૦

૭ આખો સુખડ ચંદન વિગેરેની કીધી ગોઠવણ,
કાષ્ટ ઉપર મુજબ ગોઠવિયા કીધુ તુ નીરમાણ,
હવે તેઓશ્રીના વચનનુ રાખવાને માન,
ચકમક વડે અગ્નિ પ્રદીપ્ત કીધો ધરી શ્રીનુ ધ્યાન ષડરિપુ૦

૮ અગ્ની વીધીસહ મુકી અને દીધો અગ્નીદાહ,
ચારે બાજુ ફરી વળીયો ધારી પોતાનું નીરવાહ
કુંડ મધ્યે શ્રીજીની વૃષ્ટિ થઇ તનમ્યાસ
ક્ષણ એકમા ભોતિક દેહનો થયો ત્યા તો નાશ.

૯ જ્યારે સ્થુળ દેહ ત્યાગ થયો ત્યારે થયુ ભાન,
સર્વે શીષ્યોને સમજ પડી થયુ પુર્વ ભાન
સ્થુળ દેહ જ્યારે ખાખ થઇ ચંદનની માંહે
પરમ તત્વમા સિતા રામજી થઇ ગયા લય. ષડરિપુ

૧૦ જ્યારે પુર્વ ભાન આવ્યુ ત્યારે લાગો મન ભય
ત્યારે એરેરેરે સર્વે ગુરૂ પ્રભુ થયા લય

સુની સેજ સુનુ મંદીર સકરનું નીરધાર
સુના શીષ્યો અને સ્નેહી વર્ગો નર અને નાર   પડરિપુ૦
૧૧ અસ્તી શ્રાદ્ધ કીધું ત્રીજે દીને તેની કહુ બીના।
પય વડે ધોયા હસ્તિ અને ધર્યા કળસમાય
ત્યાથી કાશી ક્ષેત્ર લઇ ચાલ્યા કરવાને ઉદ્ધાર
મણી કર્ણીકાના ઘાટે આવ્યા પ્રભુનો આભાર   પડરિપુ૦
૧૨ ત્યાંતો વિધી સહ ક્રીયા કરી તેનું કહુ બયાન
ગંગાજીમા પધરાવીયા પ્રભુનુ ધરી ધ્યાન
અસ્થી પધરાવી પાછા ફર્યા શુકલજી નીરધાર
દેવગઢ સહેરે આવ્યા અષ્ટ દીને ગુરૂનો અનગાર   પડરિપુ૦
૧૩ હવે ભંડારો કર્યો તો તેનુ કહુ થોડુ બયાન
સર્વે શીષ્યો નરનાર સુણો રાખી ખુબ ધ્યાન
ચૈત્ર વદી અમાસને તારીખ પચીસ નીરધાર
આજ જમણ બનાવ્યુ જેનો સ્વાદ અપરંપાર   પડરિપુ૦
૧૪ બધા ખાંડના બનાવ્યા માલ પુવા નીરધાર
થોડા ગોળના બનાવ્યા સાથે દુધ મસાલેદાર
જાસુદના ફુલ સમ ચોખ સુખંતના નીરધાર
ચમેલીના ફુલસમ ફળ સોહી રહી તૈયાર   પડરિપુ૦
૧૫ હવે સાકની કહુ છુ થોડી ઘણી હુ બીનાય
બટાકા સકરીઆ દુધી સુરણ રીંગણ કહેવાય
વાળ ગતુ ફોળી રાયણ આમ્યાના ફળીની માન
ચોળા ચણા વાલ વટાણા કેરીનો છુંદો ત્યાય.   પડરિપુ૦
૧૬ બહુ જાતના અથાણા સાથે પાપડો નીરધાર
વળી રાયતા બહુ જાતના ચટણીનો નહી પાર

આવી રીતનુ ભોજન બનાવ્યુ જેનો નહી વીસ્તાર
હજારો બ્રાહ્મણો જમ્યા આજે ગુરૂનો આધાર. પડરિપુ૦
૧૭ પાદુકાઓની પ્રતિષ્ઠા કીધી શાસ્ત્રના આધાર
પુજન સારી રીતે કીધું ઉપર પુષ્પોના બહુ હાર
શુભ કુંડમા ચણુતર કીધું ચુનાનું નીરધાર
ચણી ચોતરો કીધો ઉપર પગલા સફસાર. પડરિપુ૦
૧૮ આવી રીતની હકીકત લખી સુણો સજ્જનસાર
ભુલચુક ક્ષમા કરી માફી બક્ષો નીરંત્તર
હુતો દેવગઢ સહેરે રહુછુ દાસ માહાસુખ મમ નામ
સદા સીતારામ ચહુછુ સર્વે ભજો રામ રામ પડરિપુ૦

ભજન ૨ જું.

(સામગીઆ સાહાયે કરજોરે એ રાહ)

૧ શ્રી ગુરૂજી સહાયે કરજોરે શી ગો તમારા
૨ સેવકની અરજ ઊર ધરજોરે ,,
૩ આ ભવની ભીડો ભાગીરે ,
૪ સીતારામ નામ ઝડી લાગીરે ,
૫ જેના પુર્વના પ્રતાપેરે
૬ સતરૂપે દરસન આપેરે ,,
૭ સચીત કર્મોનો અંત આવેરે ,,
૮ ગુરૂ સેવા રદયે ભાવેરે ,,
૯ જેને સદ્ગુરૂ બાહે ઝાલીરે ,,
૧૦ તે જન્મ મરણુ ગયો ટાળીરે ,,
૧૧ જે છે સ્વયંભુ રૂપી આત્મારે ,,

૧૨ તે સીતારામ પરમાત્મારે ,,
૧૩ જેને સતસંગ અમૃત લીધુરે ,,
૧૪ સુખ સીધું ઝીલી લીધુરે ,,
૧૫ જેણે ગુરૂનો આશ્રય લીધોરે ,,
૧૬ તેણે જન્મ કૃતાર્થ કીધોરે ,,
૧૭ જે નામની ભ્રાંન્તી ભાગીરે ,,
૧૮ થઇ જન્મ મરણની શાંન્તીરે ,,
૧૯ જેને સદગુરૂ રૂપને જોયુરે ,,
૨૦ તેને દેહ ભાન સૌ ખોયુરે ,,
૨૧ જેને ગુરૂ મુર્તી બહુ પ્યારીરે ,,
૨૨ તેને ત્રીલોક લાજ નીવારીરે ,,
૨૩ જેને ગુરૂ સ્મરણે દીન ગાળ્યોરે ,,
૨૪ જાનો દીન તેણે વાળ્યોરે ,,
૨૫ જેને સીતા રામજી ગમીઆરે ,,
૨૬ તે નિર્ભય પદને મળીઆરે ,,
૨૭ જેને ગુરૂ નામ ના લીધું રે ,,
૨૮ તેને જન્મ વ્યથારથ કીધુંરે ,
૨૯ માટે સદા ગુરૂજી ભજજોરે ,,
૩૦ સરવે દુષ્કર્મોને તજજોરે ,,
૩૧ આ રંક તણી ભુન સુધારોરે ,,
૩૨ રંક મહાસુખને વિચારોરે ,,
૩૩ હુ દેવગઢ શહેરે રહુછુ રે ,,
૩૪ હું સદગુરૂને નીત્ય ચહુંછુ રે ,,

ભજન ૩ જું.

(લલીત છંદ)

૧ અરર રા ગુ આમ શુ કર્યું, કર્મ ફુટીઆ દુ મ તો થયુ
૨ અરર રામરે શી ગતી થશે, અ પ વિના પ્રભુ દીન કેમ જશે
૩ પ્રભુ ખુશી થઈ હમો આવતા અ ી, રમ્ય ભાસતુ મદીરે સહી
૪ બધુ નગ્ર આપનુ ગમગીન તો બન્યુ,
સૌ નગ્ર વાસીને બહુ દુ ખનો થયુ
૫ પ્રભુ જ્યારથી તમો પરમ તત્વે લય થયા,
ત્યારથી સહુ દુ ખીઆ થયા
૬ હવે આ ાીએ અ ા ન ા જોવતુ જરી,
બહુ ઝાખુ ભાસતુ શુ મેખીએ ઠરી
૭ પ્રભુ શીષ્યો આપના ઘેલાતો થયા, જ્યા ર ગ દીપના મેનાતો થયા
૮ પ્રભુ હૌસ નાથ તો સુના થઈ ગયા,
જે આરમો હતા તે જુના થઈ ગયા
૯ સુભ મદીરે જહા નીય ઘટ વાગતા,
પ્રભુ તે સ્થળો હવે બહુ શુન્ય ભાસતા
૧૦ પ્રભુ આપની ગતી હુ કેમ તે કળુ,
પ્રભુ ક્યાં હસો તમે હુ ગી રીતે મળુ
૧૧ જે વાડીતી મ ગે નીત્ય ખેનતા હતા,
ત્યા ખાડીઓ થઇ નીત ટેનતા હતા
૧૨ પ્રભુ આપ વખ્તમાં જળ વૃષ્ટીઓ થતી,
તે દ્રષ્ટીએ નહિ હું શુ કરૂ કથી
૧૩ ઓ રામ રાપરે શું દુ ખ હુ લહુ,
આ કમ નસીબની હું વાત શું કહુ

૧૪ પ્રભુ આપ વખ્તમા બહુ ભજન તો થતા,
હવે બીક લાગતી તે સ્થળે જતાં
૧૫ આ અર્જદાર હુ રંક મહાસુખ આપનો
હુ દેવપુરી રહુ ભજુ જાપ આપનો
૧૬ જે જોયુ તે કહ્યુ હુ દાસ શ્યામનો
તે જાણીને લખ્યુ આધાર નામનો

ભજન ૪ થું.

(ધનાશ્રી)

૧ રામ રામને રામ ભજો સૌ ગુરૂજી સીતારામ
૨ સવત ઓગણી સીત્તેર સાલે ચૈત્ર વદી ત્રીજ નામ ભજો સૌ
૩ તારીખ તેરમી એપ્રીલ માસે ગુરૂ પધાર્યા રામધામ
૪ સોમવારે પ્રભુ સ્વર્ગ પધાર્યા, ગમગીન થયુ બધું ગામ ભજો સૌ
૫ ભૌતીક દેહનો ત્યાગ થયાથી સુનુ પડયુ આ ધામ ,,
૬ સુના શીષ્યો સ્નેહી તમારા, સોમનાથ શંભુ સ્યામ ,,
૭ સર્વેન્દ્રજીત પ્રભુ થયા'તા પોતે આપ રામનું નામ ,,
૮ દ્રષ્ટે પડીયુ તેવુ લખીયુ, દેવ પુરી મમ ગામ ,,
૯ હુ શીષ્ય રંક છુ મહાસુખ તમારો વાત લખું હું તમામ ,,
૧૦ રામ રામને રામ ભજો સહુ સદગુરૂ સીતારામ ,,

ભજન ૫ મું.

(રાગ ભરથરી)

૧ અરેરે ગુરૂજી આતે શું કરયુ
૨ થયા પરમ તત્વે લયજી અરે

૩ સુનારે મદીર સુના માળીઆ સુના શંકર નીરધારજી
૪ સુનીરે પડી પ્રભુ સેજડી તેનો કરોને વિચારજી અરેરે
૫ સુનારે પડયા સ્નેહી શીષ્યને સુનાં બાળ નરનારજી
૬ સુનારે કુવા અને વાવડી સાથે કુવારા નીરધારજી. અરેરે
૭ સુનીરે વાડી રૂડા પુષ્પની, સુનુ સારૂ ધામજી
૮ સુનારે શંભુ હંસ નાથજી સુનાં સારા મકાનજી અરેરે
૯ સુનીરે હાડી સુના આરસા, સુના ગોળા નીરધારજી
૧૦ સુનારે સીંહાસનો તમો તણા, સુનુ નગ્ર નીરધારજી અરેરે
૧૧ હવેરે પ્રભુ કોણ આપશે, રોજ સારો સદ્બોધજી
૧૨ આપની ગતી પ્રભુ શું કહુ, કેતા આવે ન પારજી અરેરે
૧૩ સ્થુળ દેહના પરિત્યાગથી ગમગીન લાગે આ સ્થાનજી
૧૪ આવતા પ્રભુ પગ નહિ ઉપડે, લાગે વેરાન ધામજી અરેરે
૧૫ અરેરે પ્રભુ મને તારજો, રંક મહાસુખ નામજી
૧૬ દાટે પડયુ તેનો મે કયું, દેવગઢ મારૂ ગામજી અરેરે

ભજન ૬ ઠું.

(જુનુ તો થયુ દેવળ જુનું તો થયુ એ રાહ)

૧ સુનુ તો થયુરે મદીર સુનુ તો પડયું
૨ મારા ગુરુજી પધાર્યા મંદીર સુનુ તો પડયું
૩ સુના મદીરે વાજાં કાંઇ ન વાગેરે (બે વાર)
૪ સુનાં સિંહાસન સેજે સુની તો પડી મારા ગુરુજી પધાર્યા.
૫ કુવારા વાવ અને બાગો રૂપાળારે (બે વાર)
૬ હંસનાથનું મંદીર સુનુ તો પડયું „
૭ સર્વે ઇન્દ્રીઓને શાન્ત પમાડીરે (બે વાર)
૮ સ્વયંભુ બનવા પોતે નકી તો કર્યું „

૯ મોક્ષ પદ આપોને બુદ્ધી સુધારીને બે વાર)
૧૦ પ્રભુપદ ગાઇ સદા ખુસી તો રહુ ,,

ભજન ૭ સાતમું.

(દાસપરે દયા લાવોરે એ રાહ)

૧ કોઇ ગુરૂ અમૃત રસ પાવોરે બંધુઓ મારા જ્ઞાન ગુરૂજી બતાવો
૨ ગુરૂ વિનાનું સર્વે સુનું ગુરૂ વિના આ મંદીર સુનું
૩ ગુરૂ વીના નહિ લાવો લાવોરે બંધુઓ મારા
૪ જે વખતે યાદ કરતા તે વખ્તે દુ:ખો હરતા
૫ હવે વખત આવે નહિ આવો આવોરે ,,
૬ આપ વિનાની સેજો સુની મંદીરને માળીઆંરે
૭ અરે કોઇ ગુરૂ જ્ઞાન રસ પાવોરે ,,
૮ લૌતિક દેહ ત્યાગ કીધો, સ્વર્ગમાં વાસ કીધો
૯ ગુરૂ ગુણ હમેશાં ગાવો ગાવોરે ,,
૧૦ જન્મને ટાળવાને વિપયો પ્રજાળવાને
૧૧ પ્રભુ રસ્તો લીધો છે આવો આવોરે ,,
૧૨ દુનિયાની તજીયા વ્યાધી હજારો કર્મ સાધી
૧૩ લાવીને મનમાં ભાવો ભાવોરે ,,
૧૪ દેવગઢ શહેર હુ રહુંછું, ગુરૂજી બહુજ ચહુંછું
૧૫ રંક મહાસુખને તારો તારોરે ,,

ભજન ૮ મું.

(બાઇ નામ સમજીને વહેળા રહીએ એ રાહ)

૧ સીતારામ રામ હમો તે શું હવે કરીએ
૨ હમો ક્યે ભ્રમ જઇને ઠરીએ સીતારામ રામ

૩ કર્મોની ગતી વાહાલા શું એ
૪ હમો ધીરજ ધારી કેમ રહીએ સીતારામ રામ
૫ બ્રહ્મજ્ઞાન પોતે જાણવાને માટે
૬ તરવા લાગ્યા જ્ઞાન દરીએ સીતારામ રામ
૭ ભૌતીક દેહ પોતે ત્યાગ કીધો
૮ જે નીર્માણ હતી તે ઘડીએ સીતારામ રામ
૯ પોતાનું જીવન તારવાને માટે
૧૦ જેમ ઉપર કથ્યું તેમ કરીએ સીતારામ રામ
૧૧ સ્વયભુ બનવા પોતે ધારીને •
૧૨ પોતે ખાલી બેઠા નથી જરીએ સીતારામ રામ
૧૩ માણસ કર્તવ્ય સાધવાને ખાતર
૧૪ સર્વ જીતેન્દ્રી થઇને રહીએ સીતારામ રામ
૧૫ દેવગઢ શહેરે હું એ રહુ
૧૬ રકુ મહામુખ ગમ રામ કરીએ સીતારામ રામ

ભજન ૯ મું.

(ગોવીંદ ગુણ ગાવોરે એ રાહ)

૧ ગુરૂના ગુણ ગાવોરે માહાત્માના ગુણ ગાવોરે હે નરનાર
૨ સવત ઓગણી સીતેર સાલેરે ચૈત્ર વદી ત્રીજ કાવોરે હે નરન
૩ તારીખ તેરમી એપ્રીલ માસેરે સોમવારે સ્વર્ગવાસોરે હે નરના
૪ ભૌતીક દેહ ત્યાગ કીધો ચૈતન્યમા મળવાને
જ્યોતીમા જ્યોતી લગાવોરે હે નર ન
૫ જીવન મુક્ત આપ બનીઆ હજારો કર્મ સાધી
ગુરૂ ભજી ત્યો લાવોરે હે નર

૬ સ્વયંભુ આપ બનીયા શાસ્ત્રોના સાર
કાઢી પ્રભુજી આપ દર્શન આપોરે હે નર નાર
૭ કૈલાસે આપ પળીયા મુક્તીનુ ફળ ધારી
હવે તો નહી જરા ફાવરે હે નર નાર
૮ સુના મંદીરોને સીંહાસન સેજે સારી
મુક્તિની જ્યોતી જગાવોરે હે નર નાર
૯ પ્યારા બાગ મદીર દાસ નાથનુ
સુનુ હવે લક્ષ્મીંદુ રામ લાવોરે હે નરનાર
૧૦ આ રંક આપનો દાસ તમારોરે
માહાસુખનો જન્મ સુધારોરે હે નરનાર

ભજન ૧૦ મું.

(ગરબો)

૧ દેવગઢ રૂડું શહેર આપણુ કહીએરે
૨ એમાં જુના મહેલોનુ સ્થાન પ્રીતે ગઇએરે
૩ ત્યાં ગુરૂ પધાર્યા સ્વધામ તારીખ તેરેરે
૪ સવત ઓગણીસે બીતેર સાલ ચૈત્રના મેળેરે
૫ કહું ત્રીજ વદી સોમવાર પોતે પધાર્યારે
૬ સ્થુળ દેહનો કીધો પરીત્યાગ નાનો વધારીરે
૭ સુંનું મદીર સુનુ ગામ લીધો સારારે
૮ પ્રભુ સ્વયંભુ બનીઆ આપ અમથી ન્યારારે
૯ સુના કુવારા સુની વાવ બાગો રૂપાળારે
૧૦ સુની સેજે સિંહાસન સાર શંભુ તમારારે
૧ પ્રભુ ગોઠે નહી લેશવાર ગુણો સારારે

૧૨ તે યાદી આપે આ વાર આભાર તમારોરે
૧૩ નહીં વીસરૂં પ્રભુ તલભાર સત્સંગ સારોરે
૧૪ પ્રભુ માટે આવો આ વાર સેવક તમારોરે
૧૫ સ્થુળ દેહનો કાધો પરી ત્યાગ તત્વે મળવાને
૧૬ જીવન મુક્ત થયા નિર્ધાર ભક્તો કળવાને
૧૭ હવે આપો સુ બુદ્ધી અપાર મોક્ષ પમાડોરે
૧૮ હું માનું તમારો આભાર ચર્ણે રમાડોરે
૧૯ હુ અર્જ કરૂં મહાસુખ દાસ તમારોરે
૨૦ છે દેવ પુરી મમ ગામ મોક્ષ પમાડોરે

ભજન ૧૧ મું.

(રાહ ગીતી)

૧ પ્રભુ સુના શીષ્યો તમારા આપ પધાર્યા સ્વર્ગે જે દીનથી
૨ સુનુ બધુ આ સ્થાન મોક્ષ પદને પોતે લીધું જે દીનથી
૩ બ્રહ્મ જ્ઞાન પોતે જાણ્યું હજારો કર્મોને પોતે સાધી
૪ પ્રભુ પદ જાવાને દુનિઆના તજીઆ સરવે વ્યાધી
૫ પ્રભુ જીવન મુક્ત થાવાને સ્વયં પ્રકાસે જોતીને જોડી
૬ સ્વયભુ પોતે થાતાં આ ભાતીક દેહને હેતે કરી છોડી
૭ પ્રભુ બુદ્ધી સારી આપો આ કષ્ટ કાપશો વેગેથી દોડી
૮ હુ માહાસુખ દાસ તમારો, હુ વિનંતી કરૂંછુ બેઉ કરજોડી

ભજન ૧૨ મું.

(કવાલી)

૧ અરેરે સદગુરૂ મારા થયા સીષ્યો થકી ન્યારા
૨ અકારત જીંદગી મારી હતી જે નીત્ય મુજ પ્યારી

૩ હતી જે નીત્ય મુજ પ્યારી થઇ તે મમ થકી ન્યારી. અરેરે
૪ કહુ હુ કર્મની કહાણી જગત જોયુ ફરી નાણી
૫ પધાર્યા આપ જે દીનથી થયું છે સર્વ ધુળ ધાણી
૬ થયું છે સર્વ ધુળ ધાણી, વદુ છું સત્ય વાણી. અરેરે
૭ પધાર્યા આપ સ્વર્ગસ્થે છવાઇ નગ્ર ગમગીનતા
૮ થયું આ નગ્ર શોકાતુર, ગુરૂની જોઈ આ લીલા
૯ ગુરૂની જોઈ આ લીલા થયા તે દીનથી વીલા અરેરે
૧૦ ગુરૂજી સાʼયતે કરજો, હમારી અર્જ શીર ધરજો
૧૧ થયાતા, મુક્ત દુનિયાથી, હજારો કર્મને સાધી
૧૨ હજારો કર્મ સાધીને, તજી દુનીઆની વ્યાધીને અરેરે
૧૩ સ્વયંભુ આપ બનવાને, તજ્યાતાʼ બાળશ્રી વ્યાધી
૧૪ બન્યાʼતા બ્રહ્મ રૂપ પોતે, હજારો કર્મને સાધી
૧૫ હજારો કર્મને સાધી, ધારીને કાજ મુક્તિના. અરેરે
૧૬ પ્રભુજી મોક્ષ માગુ છુ, સદા હુ ચર્ણમા રહુ છુ
૧૭ અમારી બુદ્ધિ સુધારો, સદા હુ દેર કરી રહુંછુ
૧૮ સદા હુ દેવપુરી રહુછુ માહાસુખ મમ નામ હું કહુંછુ અરેરે

ભજન ૧૩ મું.

ગજલ

૧ સંવત ઓગણી સાલ સીતેર ચૈત્ર વદી ત્રીજમા
૨ સ્થુળ દેહનો પરી ત્યાગ કીધો, આપ પધાર્યા સ્વર્ગમા
૩ બ્રહ્મ જ્ઞાન પોતે જાણી પ્રચન્ડ રૂપનો પોતે ધર્યુ
૪ મોહ લોભ સાથે કામ મત્સર સત્યથી પોતે હર્યુ
૫ જીવન મુક્ત બનવા કાજ સારૂ કર્મોને સાધી વળી

૬ જ્ઞય પ્રકાસે આપ ભગીઆ ઉપાધીઓ ત્યાગી વળી
૭ પ્રભુ આપ જે દિનથી પધાર્યા નગ્ર આ ગમગીન બન્યું
૮ હૌસનાથ મદીર આપનુ તે આપવિન શુનુ પડયું
૯ ગુરૂ જ્ઞાન મહત્તા આપની હુ દાસ વિનતી સું કરૂ
૧૦ સરવે શીષ્યો લેજો તારીને, ઓ સ્યામ મનથી ઉચરૂ
૧૧ દ્રષ્ટે પડયુ તે મે લખ્યું આ રંક સેવક તારજો
૧૨ હુ દેવગઢ સહેરે રહું આ માહાનુભને ઉગારજો

ભજન ૧૪ મું.

(કવિત)

૧ ધન્ય વાકો જન્મ જેને સીતારામ પાયો હે
૨ ધીક વાકો જન્મ જેને રામ ગુણ નહી ગાયો હે
૩ ધન્ય વાકો જન્મ જેને પુન્યદાન પાયો હે
૪ ધીક વાકો જન્મ જે વીષયમે લપટાયો હે
૫ ધન્ય વાકો જન્મ જેને ગુરૂ સેવા કીની હે
૬ ધીક વાકો જન્મ જેને દીની વસ્તુ લીની હે
૭ ધન્ય વાકો જન્મ જેને સંત સેવા કીની હે
૮ ધીક વાકો જન્મ જેને કન્યા લક્ષ્મી લીની હે
૯ ધન્ય વાકો જન્મ જેને દેશ ક્રાંતી કીની હે
૧૦ ધીક વાકો જન્મ જેને મીથ્યા માન લીની હે
૧૧ ધન્ય વાકો જન્મ જે નીર્ભય પદને પાય્યો હે
૧૨ ધીક વાકો જન્મ જાકો પાપ મુજ્યો જનમ્યા હે.
૧૩ ધન્ય વાકો જન્મ જેને રામ દ્વાર જોયો હે
૧૪ ધીક વાકો જન્મ જેને આપ માન ખોયો હે

૧૫ કહે દાસ માહાસુખરામ ભજો ગુરૂ સીતારામ
૧૬ પ્રભુ કો પદારથ નામ ધર્મ બીજ ખોયો હે

શેરો

૧ સુની સાલ સીત્તેરની કરી દીન ચૈત્ર વદી ત્રીજનો
૨ તારીખ વદુ વળી તેરમી શુભ સોમવારે સજનો
૩ સ્થુળ દેહનો પરિત્યાગ કીધો, પરમ તત્વે લય થયા
૪ વર્ણ શીષ્યો સ્નેહી અન્ય વર્ગો આ વાતથી દુખીયા થયા
૫ હાય આવા દુખથી ગમગીન બન્યુ સૌ નગ્ર આ
૬ સદ્ગુરૂજી સિતારામની સ્થુળ દેહની સ્વર્ગ વાસના
૭ ત્રીસ વર્ષથી બિરાજતા શુભ દેવ પુરી નગ્રમા
૮ દાસ નાથ શભુ સેવતા બાણી કીધીથી અગ્રમા
૯ જે વખતે આપ પધારિયા તે વખતે અરણ્ય આ દીસતુ
૧૦ શ્રી સદ્ગુરૂ પ્રતાપથી રમ્ય સ્થાન બનીયુ ઇશનું
૧૧ ષડરિપુ વિજય પોતે કરી બ્રહ્મ જ્ઞાન આપે જાણીયુ
૧૨ દાસ નાથ શાસ્ત્રોમાથી પોતે સર્વ તત્વ તાણીયું
૧૩ શીવ વિષ્ણુ સુર્ય શક્તિમા સમ ભાવ કેર નહિ લેસતા
૧૪ સર્વેનુ તત્વ એક છે કરી પુર્ણ બનીને બેસતા
૧૫ ગુરૂ જ્ઞાનની વાતો કહુ તો શાસ્ત્રોનો નહી પાર ત્યા
૧૬ કરોડો વાતો હુ કથુ તો લખાય નહિ હારતા
૧૭ શ્રી સદ્ગુરૂ નીર્દ્વંદ્વજ પોતે જીતેન્દ્રીય બહુ કાળના
૧૮ અસખ્ય કર્મો સાધીને જીવનમુક્ત બનીઆ બાળના
૧૯ હવે ભૌતિક દેહનો નાશ કરવા યોજના જારૂ કરી
૨૦ સિદ્ધાસને પધરાવીઆ સિહાસન શ્રી પાસે ધરી

૨૧ સર્વે અલંકાર ગોઠવ્યા કંઠે રૂદ્રાક્ષની માળ જ્યાં
૨૨ આભાસ એવો લાગીઓ છે પુર્ણ દેવ ભુપાળ ત્યાં
૨૩ પાચ પીટનો શુભ કુંડ રચીઓ મુકવા આસન વળી
૨૪ સરવે શીષ્યોએ ગોઠવ્યું સ્થુળ દેહનું આસન કરી
૨૫ વળી ગોઠવ્યા સિંહાસને ચંદન અને આમો ધરી
૨૬ ગુલાલ અબીલ છાંટીઆ ઉપર પુષ્પની વૃષ્ટી કરી
૨૭ હવે આપ શ્રીના વચન અર્થે લાવીઆ ચકમક વળી
૨૮ ચકમક વડે પ્રદીપ્ત કીધો અગ્નિ શીષ્યોએ ભેગા મળી
૨૯ અગ્નિ વિધી સહ મંત્રીને મુક્યો ચંદન ચીત્તાહમા
૩૦ ક્ષણભર એકમા લાગીયુ બેઠા હતા જે રાહમા
૩૧ સર્વ શીષ્યોએ વૃષ્ટી કરી શ્રીફળની આ ઠામમા
૩૨ સ્થુળ દેહ ત્યાતો નાશ પામ્યો ફકત અગ્નિ નામમા
૩૩ અદ્રષ્ય થઇ સ્થુળ દેહ જ્યારે ભાન આવ્યુ સર્વને
૩૪ રામ રામ બોલી ઊઠીઆ પુર્વ ભાન આવ્યુ સર્વને
૩૫ હવે સુની થઇ મેજ મંદીર મેડીઆને માળ જ્યા
૩૬ સુના થયા સેવક બધા નર નાર અને સૌ બાળ ત્યાં
૩૭ ત્રીજે દી અસ્તિ શ્રાદ્ધ કીધુ પંચના ટોળે મળી
૩૮ અસ્તી સરવે સાફ કીધા પયમા ધોઇ વળી
૩૯ કાશી ક્ષેત્રમા પોચાડીઆ અસ્તિ સહ ગુરૂનાં લઇ જઇ
૪૦ મણિ કર્ણીકાના ઘાટમા જ્યા પવીત્ર ગંગા વહે સહી
૪૧ ત્યા શાસ્ત્ર ઉકત કૃપા કરી પધરાવીયા નીર્વંતા
પધરાવી પાછા આવીયા શ્રી સદગુરૂ ઉદ્ધારતા

૪૩ મહત્તાનીને શ્રીગુણ્ા રીતે જેમ સુતનો છે તાતણો
૪૪ ર્ શીષ્ય સીતારામનો ક્ષું રંક માહા મુખઆપનો

ઉત્તર ક્રીયાને દીવસે આપેલું ભાષણ.

તેઓ કૃપાળુશ્રીના પ્રીય શીષ્યો તથા આર્યબંધુઓ વિગેરે

આપણા સદગુરૂશ્રી સિતારામજી મહારાજશ્રી સવંત ૧૯૭૦ ના શુભ ચૈત્ર વદી ૨ ને રવીવારે રાત્રે એક વાગતા અક્ષયશાન્તી ધામે પધાર્યા છે તેઓશ્રી સ્થુળ દેહનો પરિત્યાગ કરી સૃષ્ટી ક્રમોને અનુસર્યા ત્યારથી તેમના પ્રીય શીષ્યો તથા સર્વ સ્નેહી વર્ગો ગમગીન થઇ રહ્યા હોય તેવો આભાસ માલુમ પડે છે. તેઓશ્રીની હૈયાતી દેવગઢ નગ્રના સહવાસીઓને ધર્મ રસ્તે દોરાવાનો તથા પોતાના દેહની મુકિત થવાનો અલભ્ય લાભ તેઓશ્રીના મુખામૃત વચનોથી લેતા હતા તેમા નગ્રવાશીઓના કમનશીબે આવુ એકાએક સંકટનુ વાદળ ચડી આવી સર્વને નીયમનો વિક્ષેપ થયો તેથી ઘણું દીલગીર થવા જેવુ છે.

પણ હવે તે દુઃખનો અંત આવવો અશકય હોવાથી પુર્વનો નીયમ સાચવવા આપણે સર્વ ભાઇઓએ બનતો પ્રયાસ કરવો એજ આપણું સાફલ્ય છે.

ગીતાજીમા એક સ્થળે કહ્યુછે કે જન્મ મરણ એ માત્ર રૂપાતર છે. વિશ્વાત્મજમા વિશ્વેશ્વર અધિષ્ઠત થયેલો જો જ્ઞાન સ્વરૂપ પચ-જન્મ શખવડે નીતીચક્રસ્વરૂપ સુદર્શનનો બોધ થાય છે નીતીનુ ઉલ્લઘન કરવામા આવે તો ભયકર ગદાવડે તે પાપનુ શાસન થાય છે પુન્ય અને નીતીનુ પાલણપોષણ સુખમય પદ્માડે થાય છે સર્વે માનવ જાતી એકજ છે. અનંત વિશ્વ એજ એક વેદ છે અને તેનુ અધ્યયન કરવાનો અધિકાર બ્રાહ્મણને એટલે મનુષ્ય માત્રના હૃદયને છે પોતાના ધર્મનુ પાલન કરવુ એજ મહા યન અને, નારાયણ એજ યજ્ઞેશ્વર। હે શ્રદ્ધાહીન મનુષ્ય પવિત્ર ગગાના પ્રવાહ પ્રમાણે વહેતા તારા કર્તવ્યોનો પ્રવાહ કર્મ દીસામા વહે છે તે જ્ઞાનના પ્રકાશ વડ સમજી કર્મક્ષેત્રમા અગ્રેસર થા ભાવીક અતકરણથી સુદર્શન નીતીચક્રને નમસ્કાર કરી કર્મના પ્રવાહમા તારી જીવન નૌકાને હકારીદે આવુ કહે છે તો આપણે આપણા મોક્ષાર્થે આ જીવન સુધારવા બનતો પ્રયાસ કરવાજ જોઇએ તા તે બદન તેઓશ્રીના પુર્ણ પુન્ય સ્થાપીત ધામમા આપણે સર્વ ભાઇઓએ જવુજ જોઇએ અને તેમની તે સ્થળે પુન્ય પ્રતિમા છે તે પોતેજ વિરાજમાન થયેલા છે એમ સમજી આપણે આપણુ કર્તવ્ય કરવુજ જોઇએ. વળી આ દુખી વીચારમા સહેજ આનદ લાવવા જેવુ એ છે કે તેઓશ્રી આ આપણા સર્વે ભાઇઓ માટે આવુ એક વિસ્તૃત અને રમ્ય સ્થાન સ્થાપી ગયા છે એજ આપણા સર્વ

બંધુઓનું અહો ભાગ્ય છે તો તે સ્થાનનો સદુપયોગ કરવા આપણે કૃતાર્થ થવું જોઇએ માટે કહેવાનો ભાવાર્થ ટુંકામા એ છે કે આપણે પહેલા તેઓશ્રીની હૈયાતીમા જેમ વર્તતા હતા તેના કરતા વધારે ઐક્ય અને સુખશાન્તીમા રહેવુ જોઇએ એટલુજ હુ આપ સર્વે ભાઇઓ પાસે માગુ છુ. ઉપરના મારા બોલવામા કોઇ સ્થળે ભુલ હોય તો હસગતી એ ન્યાય આપી કૃતાર્થ કરશો એવી હુ આશા રાખુ છુ.

લી રંક સેવક.

મહાસુખલાલ ગુલાબચંદ પારેખ.

દેવગઢબારીઆ.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી

ૐ

શાન્તી. શાન્તી. શાન્તી.

આનંદ ! આનંદ !

ભાગ્યોદય.

આજ રોજ એટલે શ્રી સવંત ૧૯૭૦ ના શુભ વૈશાખ વદી બીજને સોમવાર તારીખ ૧૧ મી મેએ શ્રી સદ્દગુરૂજી શ્રી સત્યાનંદજી મહારાજ જુના મહેલમા સ્થપાયા તેથી આ દેવપુરી નગમા ઘેરઘેર આનંદ છવાઇ રહ્યો છે, ઠામોઠામ આનંદ આનંદની વૃષ્ટી થઇ રહી છે હવે પુર્વના શ્રી સદ્દગુરૂજી શ્રી સીતારામજી મહારાજની સ્વર્ગ વાસના બદલની જે ઉદાશી હતી તે દુકાઇ જઇ શાન્તી પ્રસરી રહી છે. સર્વ ભકતજનોના સભાગેજ આ પ્રભુ જુના મહેલમા એકાએક પધાર્યા છે એ સર્વ ભકતજનોના સદ્ભાગ્ય છે સર્વની ઉદાશીમા આવો એકાએક આ અલભ્ય લાભ થયો તેથી પરમ કૃપાળુ પરમાત્માનો અત્યંત આભાર માનવો જોઇએ

લી ચર્ણોદક

પા. મહાસુખલાલ ગુલાબચંદ

દેવગઢબારિઆ.

ભજન.

ધન્ય ધન્ય દીન આજ ભક્ત જનો ધન્ય ધન્ય રે
સંવત ઓગણી સીતેર સાલે વૈશાખ વદી
તારીખ અગીઆર મેના માસમાં
આજ રોજ ગુરૂ અત્રે
શાન્તી પ્રસરી સો
જ

મદદગારોનાં નામો

૧-૦-૦ રા. રા. જાની હીમ્મતરામ જાગેશ્વર

૧-૪-૦ રા. રા પુરોહીત રામચંદ્ર આત્મારા

૧-૦-૦ રા. રા વૈદરાજ મહાશંકર મુળજીભા

૧-૦-૦ રા રા મુળજીભાઇ પુરશોતમદાસ

" જેરામભાઇ મણીશંકર

થનાજી પા[illegible]ીગંકર

ન મુળજીભાઇ

મળે